તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવતી નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના. (New DIFINED CONTRIBUTORY PENSION SCHEME) રાજ્ય સરકારના ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ ધ્વારા જમા કરાવવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
સુધારા ક્રમાંક.નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી,
તારીખ : ૨૮/૩/૨૦૦૬.

<u>સંદર્ભ :–</u>

(૧) નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી.
(૨) નાણાં વિભાગના તા. ૬/૬/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી.

સંદર્ભ–૧ માં દર્શાવેલ તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ ના રોજ અથવા ત્યાર બાદ નિમણુંક પામનાર કર્મચારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના તા.૧/૪/૦૫ થી અમલમાં મુકવામાં આવેલ છે. સંદર્ભ (૧) માં દર્શાવેલ તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવના પેરા–૭ ની જોગવાઈઓ મુજબ કર્મચારી/ અધિકારીના ફાળા ઉપરાંત રાજ્ય–સરકાર/ સંસ્થાઓએ પણ ૧૦ ટકા ફાળો ( Employer Matching Contribution) જમા કરાવવાનો રહે છે. નાણાં વિભાગના તા.૧/૯/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ–૧૦/પી થી Employer Matching Contribution ની જરૂરી રકમની જોગવાઈ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ધ્વારા નીચેના સદરે કરવાની રહે છે.

| | |
|---|---|
| મુખ્ય સદર–૨૦૭૧<br>પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ<br>પેટા મુખ્ય સદર–૦૧ મુલ્કી<br>ગૌણ સદર–૧૧૭<br>નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના માટે સરકારનો ફાળો.<br>પેટા સદર–(૦૧)<br>નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ટાયર–૧ હેઠળ રાજ્ય સરકારનો ફાળો. | Major Head : 2071<br>Pension and other Retirement Benefits<br>Sub Major Head: 01- Civil<br>Minor Head 117<br>Government contribution for Defined Contribution Pension Scheme<br>Sub Head (01) State Government's contribution under Defined |

contribution Pension Scheme

Tier-I



નાણાં વિભાગના તા.૬/૬/૦૫ ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી ના પેરા ૩૧ની હાલની જોગવાઈ રદ કરવામાં આવે છે અને નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

" નવી વર્ધિત પેન્શન યોજનાના કર્મચારીઓ પૈકી જેમનો ફાળો રાજ્ય સરકારે ચુકવવાનો છે તેવા કર્મચારીના સંબંધિત ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીએ Employer Contribution ફાળાની રકમ ઉપાડવાને બદલે Employer Contribution ફાળાની રકમ નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ ધ્વારા જ ઉપાડવાની અને જે તે કર્મચારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે. જે કર્મચારી માટેEmployer Contribution ફાળાની રકમ રાજ્ય સરકારે ભોગવવની નથી. અને જે તે સંસ્થા/ બોર્ડ/ કોર્પોરેશન ભોગવવાનો રહે છે તે કિસ્સામાં જે તે કર્મચારીના ઉપાડ અને વહેચણી અધિકારીશ્રીએ ફાળાની રકમ ઉપાડીને જે તે કર્મચારી/ અધિકારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે. "

રાજ્ય સરકારે ચુકવવાની થતી ફાળાની રકમ (Employer Matching Contribution) જોગવાઈ દર વર્ષે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ધ્વારા કરવાની રહેશે.

આ સુધારાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. સી. પટેલ)
ઉપ સચિવ,
નાણાં વિભાગ.

પ્રતિ,

❖ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,
તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવ
ગુજરાત વિધાનસભા, ગાંધીનગરના વિરોધપક્ષના નેતાના અંગત સચિવ
સચિવાલયના તમામ વિભાગો

- ❖ સચિવ, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- ❖ સચિવ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવ, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- ❖ રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
- ❖ સચિવ, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ નાણાં વિભાગની તમામ શાખાઓ.
તમામ ખાતાના વડા/ તમામ કચેરીઓના વડા/ તમામ કલેકટરશ્રીઓ/
તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
એકાઉન્ટન્ટ જનરલ (હિસાબ અને તકેદારી) રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ–૧) અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ–૨) ગુજરાત પો.બો.નં.૨૭, રાજકોટ.
હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર.
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ગાંધીનગર.
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર/ નર્મદા/ વડોદરા
સ્થાનિક ઓડીટ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
તમામ નિગમો, બોર્ડ/ યુનિવર્સિટીઓ
પસંદગી ફાઈલ !! પી !! શાખા.

- પત્ર ધ્વારા.